

જ્ઞેયાકાર અવસ્થામાં પણ તે જ્ઞાનનું પરિણમન જ્ઞાયકપણે જણાય છે માટે જે જણાય છે તે ચીજ નહીં પણ તેમાં જાણનારો જણાયો છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૯ સં. ૨૦૫૫ [૬૬૯] * **આત્મધર્મ** * અંક-૧ વર્ષ-૫૬ વીર સં. ૨૫૨૫ જુલાઈ-૧૯૯૯

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ હે ભવ્યાત્મા ! તું જીવને શરીરથી સર્વપ્રકારે ભિન્ન, ઉદ્યમ કરીને પણ જાણ ! જેને જાણતાં બાકીનાં સર્વ પરદ્રવ્યો ક્ષણમાત્રમાં તજવા યોગ્ય લાગે છે. ૫૭૨. *(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા–૭૯)*

❀ (હે ભવ્ય !) તું મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપ, તેનું જ ધ્યાન કર, તેને જ ચેત—અનુભવ અને તેમાં જ નિરંતર વિહાર કર, અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર. ૫૭૩. *(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૪૧૨)*

❀ અનાદિ આત્માની આકુળતા એક વિશુદ્ધ બોધકળા વડે મટે છે, માટે સહજ બોધકળાનો નિરંતર અભ્યાસ કરો. સ્વરૂપાનંદી થઈ ભવોદધિને તરો. ૫૭૪. *(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૩૮)*

❀ ત્રણલોકના જીવોને નિરંતર મરતાં દેખીને પણ જે જીવ પોતાના આત્માનો અનુભવ નથી કરતાં અને પાપોથી વિરક્ત નથી થતાં—એવા જીવોના ધીઠપણાને ધિક્કાર હો. ૫૭૫. *(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ-સિદ્ધાંત-રત્નમાળા, ગાથા–૧૦૯)*

❀ ભવ્યપુરુષને જેમ જેમ કાળાદિ લબ્ધિઓ નિકટ આવતી જાય છે, તેમ તેમ મોક્ષ માટેની સર્વ ઉત્તમ સામગ્રીઓ નિશ્ચયથી પ્રાપ્ત થતી જાય છે. ૫૭૬. *(શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા–૧૨)*

❀ જેની ભવસ્થિતિ ઘટી જવાથી અર્થાત્ કિંચિત્ન્યૂન અર્ધપુદ્ગલ-પરાવર્તનકાળમાત્ર શેષ રહેવાથી મોક્ષ અવસ્થા સમીપ આવી ગઈ છે તેના મનરૂપ છીપમાં સદ્ગુરુ મેઘરૂપ અને તેમના વચન મોતીરૂપ પરિણમન કરે છે. ભાવ એ છે કે આવા જીવોને જ શ્રી ગુરુના વચનો રુચિકર થાય છે. ૫૭૭. *(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, ૫૬–૫)*

❀ વિનય પૂર્વક ભણવામાં આવેલું શ્રુત જો કોઈ પણ પ્રકારે પ્રમાદથી વિસ્મૃત થઈ જાય તો બીજા ભવમાં તે ઉપસ્થિત થઈ જાય છે અને કેવળજ્ઞાનને પણ પ્રાપ્ત કરાવે છે. ૫૭૮. *(શ્રી ધવલા, પુસ્તક-૯, પાનું–૨૫૯)*

❀ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે, તે જ્ઞાન સિવાય બીજું શું કરે ? આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું (તથા કહેવું) તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે. ૫૭૯. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૬૨)*

કહાન
સંવત-૧૯
વર્ષ-૫૬
અંક-૧
[૬૬૯]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૫
સં. ૨૦૫૫
July
A.D. 1999

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ભાઈ ! તારી દૃષ્ટિની દિશા ઉપર બધો આધાર છે.

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં.-૯૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારની ૨૬મી ગાથાનો છેલ્લો ભાગ છે તે જુઓ.

આ આત્મા પોતાના અંતરમુખ સ્વભાવના જ્ઞાન વિના અનાદિ કાળથી વિભાવમાં લીન થઈ રહ્યો છે તેથી વર્તમાનમાં પુદ્‌ગલનો સંગ કરી રહ્યો છે અને તેના ફળમાં નવા પુદ્‌ગલકર્મને બાંધી રહ્યો છે. જો જીવ વર્તમાનમાં પોતાના સ્વરૂપનું જ્ઞાન કરે તો તેને પુદ્‌ગલનો સંગ વર્તમાનમાં પણ થતો નથી અને નવા કર્મ બંધાતા નથી.

જે આત્મજ્ઞાન રહિત વિભાવમાં લીન છે–શુભાશુભ રાગમાં લીન છે તેને જે કર્મ બંધાય છે તેના ફળમાં ફરી શરીર, વચન, મન અને શ્વાસોચ્છ્‌વાસની ઉત્પત્તિ થાય છે. આ ચારેય, જીવને દુઃખમાં કારણ થાય છે તેથી અહીં કહ્યું છે કે પુદ્‌ગલદ્રવ્ય જીવને દુઃખમાં નિમિત્ત-ઉપકારી થાય છે. આત્મા તો જ્ઞાન-આનંદની મૂર્તિ છે પણ તેમાં જે આત્મા લીન નથી અને રાગમાં લીન છે તેવા અજ્ઞાનીને શરીરાદિનો સંયોગ થયા કરે છે તેમાં પુદ્‌ગલદ્રવ્ય કારણ હોવાથી પુદ્‌ગલનો ઉપકાર નિમિત્ત ગણીને કહેવામાં આવે છે.

શરીર, મન, વચન આદિ પુદ્‌ગલ આ જીવને દુઃખમાં જ નિમિત્ત થાય છે. ગતિ થાય છે તેમાં નિમિત્ત ધર્મદ્રવ્ય છે અને ગતિપૂર્વક સ્થિતિમાં અધર્મદ્રવ્યનું નિમિત્ત બને છે, તે બધામાં જીવ દુઃખી થતો હોવાથી તે દ્રવ્યો દુઃખના નિમિત્ત છે. જીવને ચારેય ગતિના દુઃખમાં રહેવાની જગ્યા આ આકાશ આપે છે અને શુભાશુભ વિભાવરૂપે

પરિણમન કરવામાં કાળદ્રવ્યનું નિમિત્ત છે. આમ જીવને સ્વસ્વભાવનું ભાન નહિ હોવાથી છએ દ્રવ્યો તેના દુઃખમાં નિમિત્ત બને છે. જ્ઞાનીને સ્વસ્વભાવનું ભાન હોવાથી તેને દુઃખ થતું નથી તેથી છએ દ્રવ્યો તેને દુઃખ ઉપજાવતાં નથી.

જ્ઞાની વિભાવમાં લીન નહિ થતાં, સ્વભાવમાં લીન થાય છે તેથી કોઈ પુદ્ગલનો સંગ કરતા નથી તેથી નવા પુદ્ગલકર્મનો બંધ પણ જ્ઞાનીને થતો નથી તેથી પુદ્ગલદ્રવ્ય દુઃખનું કારણ થતું નથી. એ જ રીતે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ પણ જ્ઞાનીને દુઃખના નિમિત્ત થતાં નથી.

પરમાત્મપ્રકાશ છે ને ! તેમાં પાઠ જ એવો છે કે एयई दव्वई देहियहँ...चउ गइ दुःख सहंत जिय तैं संसारु भमंति । ભગવાન આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરી આત્મજ્ઞાન પામ્યો તેને તો વર્તમાનમાં સ્વભાવનો સંબંધ છે, તેને પુદ્ગલનો સંબંધ નથી તેથી દુઃખ પણ નથી. તેને તો પુદ્ગલાદિ બધાં દ્રવ્યો જ્ઞાનમાં નિમિત્ત થાય છે, દુઃખમાં નિમિત્ત થતાં નથી.

આજે બીજી ઢબે વાત આવે છે, કાલે આ વાત આવી ન હતી. આત્મા સત્+ચિત્+આનંદની મૂર્તિ છે તેમાં જેની દૃષ્ટિ, જ્ઞાનની લીનતા થઈ છે તેને તો શાંતિની જ ઉત્પત્તિ છે. થોડું દુઃખ રહ્યું છે તે તો તેના જ્ઞાનનું જ્ઞેય થાય છે. અમુક કર્મ બંધાય છે તેના ફળમાં જે શરીરાદિનો સંયોગ થાય છે તે પણ તેના જ્ઞાનમાં જ્ઞેય થાય છે અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ પણ તેના જ્ઞાનના જ્ઞેયમાત્ર બને છે. દુઃખના નિમિત્ત બનતાં નથી.

શ્રોતા :—આવા આત્મસ્વરૂપમાં પ્રેમ કેમ થતો નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એને સ્વરૂપની ખબર નથી કે મારું સ્વરૂપ કેવું મહિમાવંત છે, તેથી પોતાના આત્મસ્વરૂપનો પ્રેમ થતો નથી. અરે ! વર્તમાન જ્ઞાન તો રાગમિશ્રિત છે તેમાં પણ એટલી તાકાત છે કે હદ વિનાના ક્ષેત્રનું જ્ઞાન કરી લે છે, હદ વિનાના કાળનું જ્ઞાન કરી લે છે. રાગવાળો ઉપયોગ ભલે અસંખ્ય સમયનો છે પણ તેમાં અનંત અમાપ આકાશ, કાળ આદિનું જ્ઞાન અને તેની આસ્થા થાય છે ને ! હું અનાદિ છું અને અનંતકાળ રહેવાનો છું એવું પણ એના જ્ઞાનમાં ખ્યાલમાં આવે છે એ રીતે જ્ઞાનમાં અનંતકાળ સમાય જાય છે, અમાપ ક્ષેત્ર સમાય જાય છે.

દ્રવ્યો અનંત છે, તેમાં એક એક દ્રવ્યમાં અનંત ગુણો છે, સમય સમયની અનંત પર્યાય છે એવું અસંખ્ય સમયના ઉપયોગમાં–જ્ઞાનના વ્યાપારમાં પોતે ખ્યાલમાં

લઈ શકે છે. રાગમિશ્રિત ઉપયોગમાં આવું જાણવાની તાકાત છે તો રાગરહિત, એક સમયમાં પૂર્ણદશાએ પરિણમેલા જ્ઞાન-ઉપયોગમાં ત્રણકાળ, ત્રણલોક જણાય તેમાં કાંઈ અશક્ય નથી.

આ આત્માનું માહાત્મ્ય નથી આવતું એમ કહ્યું એટલે આ વાત ચાલે છે! રાગમાં અટકેલાં જ્ઞાનમાં પણ નિઃશંકપણે અનંતકાળ, અનંતક્ષેત્ર આદિનો ખ્યાલ આવી શકે છે—આવી તો અટકેલાં અધુરાં જ્ઞાનની તાકાત છે તો તે જ્ઞાનની પૂર્ણ તાકાતમાં શું ખામી હોય! તેની મહિમા કેમ ન આવે! પ્રગટેલું પૂર્ણ જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને તો જાણે પણ એથી અનંતગુણા લોક આવી જાય તો તેને પણ જાણવા એ સમર્થ છે. આવી અનંત સર્વજ્ઞપર્યાયને ધરનાર એક જ્ઞાનગુણ અને એવા અનંતગુણને ધરનાર જ્ઞાયક આત્માની તેને જ્યાં સુધી મહિમા ન સમજાય ત્યાં સુધી તેને શુભાશુભ રાગની અને પરની મહિમા છૂટે નહિ.

અહા! આત્મા એટલે શું! મહા પદાર્થ!! મોટો પ્રભુ છે. એક ગુણની વાત કરી એવા તો અનંતગુણનો એ સ્વામી છે. તેની મહિમા આવે તેને આત્મજ્ઞાન થાય, તેમાં લીનતા થાય અને વિભાવની લીનતા છૂટે, તેને પુદ્ગલનો સંબંધ ન થાય અને ધર્માસ્તિ આદિ ચારેય દ્રવ્યો પણ તેને દુઃખમાં નિમિત્ત ન થાય, માત્ર જ્ઞાનના જ્ઞેય બને. પુદ્ગલ પણ તેને જ્ઞાનનું જ્ઞેય બની જાય–જ્ઞાનમાં નિમિત્ત થાય.

શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદકંદ હું નિર્વિકલ્પ પ્રભુ છું એવું આત્મજ્ઞાન થયું તેને અનંતા પુદ્ગલો જ્ઞેયમાત્ર રહી ગયા. પોતાને જાણતાં પુદ્ગલો પણ જણાય માટે પુદ્ગલો જ્ઞાનના નિમિત્ત રહ્યાં, દુઃખના નિમિત્ત ન થયાં. કર્મ પણ જ્ઞાનમાં જ્ઞેય અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ પણ જ્ઞાનનાં નિમિત્ત રહ્યાં. આહાહા...! બલિહારી હે પ્રભુ! તારા જ્ઞાનની!

આત્માના લક્ષે દુઃખ થાય જ નહિ પણ અજ્ઞાની પરનું લક્ષ કરે છે અને વિભાવમાં લીન થાય છે તેથી તેને પુદ્ગલાદિ પાંચેય દ્રવ્યો દુઃખમાં ઉપકારી થાય છે અર્થાત્ દુઃખના નિમિત્ત બને છે. નવાં નવાં શરીર, કર્મ આદિનો સંયોગ બન્યા કરે છે અને તે દુઃખમાં નિમિત્ત થાય છે. ભગવાન આત્માનો સંગ કરે તો જ્ઞાન, દર્શન અને શાંતિની ઉત્પત્તિ થાય પણ શરીર, વાણી, મન અને શ્વાસોચ્છ્વાસની ઉત્પત્તિ ન થાય.

પુદ્ગલાદિ પાંચેય દ્રવ્યોની સહાય પામીને આ જીવ નિશ્ચયવ્યવહારરત્નત્રયની ભાવનાથી રહિત, ભ્રષ્ટ થયો થકો ચાર ગતિના દુઃખોને સહન કરતો, સંસારમાં ભટકે છે.

પરના સંબંધમાં અટકેલો અને પોતાના સંબંધથી ભ્રષ્ટ થયેલો અજ્ઞાની જીવ નિશ્ચય અને વ્યવહારરત્નત્રયની ભાવનાથી પણ રહિત થયો થકો ચાર ગતિઓમાં ભટકી રહ્યો છે. પાંચેય દ્રવ્યો જીવને ઉપકાર કરે છે એમ તત્ત્વાર્થસૂત્રમાં આવે છે તેનો આ ખુલાસો છે કે એ ઉપકાર તો જીવને દુઃખમાં નિમિત્ત થાય એવો છે. જો ભગવાન આત્મા પોતે પોતાને ઉપકાર કરે તો સ્વસ્વભાવમાં સંબંધ જોડે તો, સમ્યક્ શ્રદ્ધામાં આત્માનો સ્વીકાર આવે, સમ્યક્ જ્ઞાનમાં આત્મા લક્ષમાં આવે અને બધાં પરદ્રવ્યો સાથેનો સંબંધ છૂટી જાય. હવે કોઈ દ્રવ્યો તેને દુઃખમાં નિમિત્ત નહિ થાય. માત્ર જ્ઞાનના જ્ઞેય તરીકે રહી જશે.

આત્માના જ્ઞાન વિના જીવની લીનતા ક્ષણિક વિકૃતભાવ–ઉપાધિભાવમાં રહી છે તેથી પુદ્‌ગલ તેને ચારગતિમાં દુઃખમાં નિમિત્ત થાય છે. દુઃખનું ઉપાદાનકારણ તો તેની રાગમાં લીનતા છે તે કારણ છે. તેનાથી શરીર, વાણી, મન આદિ દુઃખના નિમિત્તો મળે છે તેનાથી કાંઈ આત્માની શાંતિ ઉપજતી નથી. જેને ભગવાન ચૈતન્ય પ્રકાશ દૃષ્ટિમાં નથી આવ્યો તેને બીજા દ્રવ્યો પણ દુઃખના કારણ છે અને જેની દૃષ્ટિ અને જ્ઞાનમાં ભગવાન આત્મા આવી ગયો તેને કોઈ દ્રવ્યો દુઃખ ઉપજાવતાં નથી, માત્ર જ્ઞાનમાં જ્ઞેય થાય છે. આ તાત્પર્ય છે.

૨૬ ગાથા થઈ. હવે ૨૭મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે પરદ્રવ્યોનો સંબંધ નિશ્ચયથી દુઃખનું કારણ છે એમ જાણીને હે જીવ ! શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષમાર્ગમાં સ્થિત થા.

> दुक्खहँ कारणु मुणिवि जिय दव्वहँ एहु सहाउ ।
> होयवि मोक्खहँ मग्गि लहु गम्मिज्जइ पर-लोउ ॥२७॥

અર્થ :—હે જીવ ! પરદ્રવ્યોના આ સ્વભાવ દુઃખના કારણ જાણીને મોક્ષના માર્ગમાં શીઘ્ર લાગીને ઉત્કૃષ્ટ લોકરૂપ મોક્ષમાં જવું જોઈએ. (પરદ્રવ્યનો સંબંધ દુઃખનું કારણ છે માટે તેનો સ્વભાવ દુઃખનું કારણ કહ્યો છે.)

ભગવાન આત્માનો સંબંધ આનંદનું કારણ છે અને પરદ્રવ્યનો સંબંધ દુઃખનું કારણ છે. પરદ્રવ્યના સ્વભાવો આ જીવને દુઃખમાં નિમિત્ત થાય છે, સુખમાં નિમિત્ત થતાં નથી માટે તેનો સંબંધ છોડવાનું કહે છે. હવે સંબંધ કર ભગવાન આત્માનો ! પરનો સંબંધ એ તો બંધનો માર્ગ છે અને સ્વનો સંબંધ એ જ મુક્તિનો માર્ગ છે.

ભાઈ ! વિકારમાં લીન થઈને પરનો સંબંધ તેં જ ઊભો કર્યો છે તેથી ચાર

ગતિના દુઃખ પામ્યો છો. હવે, તું જ તે સંબંધ છોડ અને સ્વનો સંબંધ કર તો સુખી થઈશ. પોતાના શુદ્ધ સ્વભાવનો સંબંધ એ જ દર્શન, જ્ઞાન, ચારિત્ર છે અને પરનો સંબંધ એ જ મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગ-દ્વેષ છે.

ભાવાર્થ :—પહેલાં કહેવાઈ ગયેલાં પુદ્ગલાદિ દ્રવ્યોની સહાયથી ઉત્પન્ન શરીર, વચન, મન, શ્વાસોચ્છ્વાસ આદિ બધાં દુઃખના કારણ છે, કેમ ? કેમ કે સદા વીતરાગ આનંદરૂપ સ્વભાવથી ઉત્પન્ન જે અતીન્દ્રિય સુખ, તેનાથી તેઓ વિપરીત આકુળતાના ઉપજાવવાવાળા છે એમ જાણીને હે જીવ ! તું ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષના માર્ગમાં લાગીને પરમાત્માનો અનુભવ કર અને પરમસમરસીભાવથી પરિણમનરૂપ મોક્ષમાં ગતિ કર.

અજ્ઞાનીને ખબર નથી કે હું શું કરું છું, શું મારે કરવું જોઈએ. અજ્ઞાની વિકારની ઉત્પત્તિ કરી કરીને તેમાં લીનતા કર્યા કરે છે. આખા ચિદાનંદ સ્વભાવનો અનાદર કરી, વિકલ્પની ઉત્પત્તિમાં લાભ માની વિકલ્પ કર્યા કરે છે. સ્વભાવનો અનાદર અને વિકલ્પનો આદર એ જ મિથ્યાત્વ છે, તે જ ખરું દુઃખનું કારણ છે કારણ કે મિથ્યાત્વને કારણે જ તેને પરદ્રવ્ય દુઃખમાં નિમિત્ત થાય છે. માટે, પ્રથમ તો હું શું ભૂલ કરી રહ્યો છું—ઊંધો રસ્તો શું લીધો છે એ એણે ખ્યાલમાં લેવું જોઈએ.

'પરને પોતાનું માનવું અને સ્વને ભૂલી જવું' એ આ જીવની ભૂલ છે. વિકલ્પ ઉઠે છે તે મારો સ્વભાવ નથી પણ વિભાવ છે અને પરદ્રવ્ય તો તદ્દન ભિન્ન ચીજ છે એમ નહિ જાણતાં, પરને અને વિભાવને પોતાના માનીને જીવ વિભાવમાં જ લીન થઈ રહ્યો છે. આ ભૂલને ભૂલ જાણીને તેને ટાળવા માટે ચિદાનંદ સ્વભાવનો સંબંધ કર !

આવો સંબંધ કેમ થાય ? કે પરના સંબંધોને છોડીને જ્ઞાયકચૈતન્યમૂર્તિ ભગવાન તરફ નજર નાંખતાં સમ્યગ્દર્શન થાય તેનાથી આત્મામાં સંબંધ થાય—લીનતા થાય. આત્મામાં સંબંધ થવો તે જ મોક્ષમાર્ગ છે અને તેના ફળમાં મોક્ષ થાય છે.

આત્મા રાગ વિનાનો સદા આનંદરૂપ છે. આ સ્વભાવમાંથી તો અતીન્દ્રિય સુખ ઉત્પન્ન થવા યોગ્ય છે, તેનાથી વિપરીત વિભાવ થાય છે તે જીવને દુઃખ ઉપજાવવાવાળો છે. એ વિભાવમાં નિમિત્ત 'પરદ્રવ્યો' છે માટે તેને દુઃખના કારણ કહ્યાં છે. આત્મા કદી દુઃખનું કારણ ન થાય. આત્મા—વસ્તુ તો વીતરાગી પરમાનંદની મૂર્તિ છે, તેમાંથી આનંદ લેવાને બદલે કોડી કોડીનો ભિખારી થઈને રઝળે છે, આકુળતાના ઉપજાવનારા વિભાવમાં લીન થઈ રહ્યો છે, તેને આચાર્યદેવ કરુણા કરીને

કહે છે કે ભગવાન આત્માનો સંબંધ કર ! તને આનંદ ઉપજશે અને દુઃખ ટળી જશે.

ભાઈ ! તારી દૃષ્ટિની દિશા ઉપર બધો આધાર છે. પર તરફ દૃષ્ટિ છે તો પર તને દુઃખના કારણ થશે અને સ્વમાં દૃષ્ટિ કરીશ તો સ્વભાવ સુખનું કારણ થશે અને પરદ્રવ્યો માત્ર જ્ઞેય તરીકે રહી જશે. ત્રણે કાળ આ એક જ વાત છે. શુદ્ધ સ્વભાવની પ્રતીતિમાં આનંદનું આવવું, તેના જ્ઞાનમાં આનંદનું આવવું અને તેમાં સ્થિરતામાં આનંદનું આવવું...આ અભેદરત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં સ્થિત થઈને મોક્ષ તરફ ગમન કર, સાથે ભેદરત્નત્રયમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ, છ દ્રવ્યનું જ્ઞાન વગેરે પ્રમાણજ્ઞાનમાં બધું સાથે જાણવામાં આવશે.

પરમ વીતરાગ સ્વભાવ–તે આત્મા અને તેના સંબંધે ઉત્પન્ન થયેલી જ્ઞાન અને આનંદની પર્યાય અને તેનાથી પ્રગટ થયેલો પૂર્ણ સમરસી વીતરાગીભાવ તે મોક્ષ છે. અનાદિથી તું પરના સંબંધથી દુઃખી થયો છો અને તું જ સ્વમાં સંબંધ કરીશ તો પૂર્ણ આનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ તને થશે. તારી વસ્તુમાં આકુળતા-ઉકળાટ-દુઃખ કાંઈ નથી પણ પરના સંબંધે તેં ઉકળાટ ઊભો કર્યો છે.

ભગવાન આત્મામાં દુઃખ થાય એવો કોઈ ગુણ નથી. વર્તમાનદશામાં પરના સંબંધે અજ્ઞાન અને દુઃખની ઉત્પત્તિ પોતે કરે છે. પરમાનંદથી ભરેલો પ્રભુનો આદર ન કર અને પુદ્‌ગલના સંગમાં પ્રેમ કર એટલે મિથ્યાત્વભાવ અને આકુળતા જ ઉત્પન્ન થાય. તેના ફળમાં શરીર, વાણી, મન આદિની ઉત્પત્તિ થાય. તે તારા ઉપર પુદ્‌ગલનો ઉપકાર થયો. એક ગતિમાંથી બીજી ગતિમાં જવામાં ધર્માસ્તિકાય ઉપકાર કરે, ગતિમાં જ્યાં સુધી રહ્યો તેમાં અધર્માસ્તિકાયનો ઉપકાર થયો, દુઃખી થઈને રહેવામાં આકાશે તને મદદ કરી અને કાળદ્રવ્યે તને શુભાશુભરૂપે પરિણમવામાં મદદ કરી–નિમિત્ત થયા.

ભગવાન ! હવે તું તારા સ્વભાવના સંબંધમાં આવી જાને ! સ્વભાવના સંબંધે પૂર્ણ આનંદનું પરિણમન આવશે...આવશે અને આવશે જ. જો પુદ્‌ગલના સબંધમાં લીન થઈને રહ્યો તો દુઃખના ઉત્કૃષ્ટસ્થાનરૂપ નિગોદમાં જઈને રહીશ. નારકીના દુઃખ તો સંયોગથી મપાય છે તેના કરતાં નિગોદમાં તો ઘણી હીણી દશા અને અપાર દુઃખ છે. તેમાં અનંતકાળ વીતાવવો પડશે અને જો અત્યારે સ્વભાવનો સંબંધ કરીશ તો તેના ફળમાં ઉત્કૃષ્ટ સ્થાન પરમ સમરસી આનંદરૂપ મોક્ષની પ્રાપ્તિ થશે.

આ ૨૭ ગાથા થઈ, તેમાં વ્યવહારનયથી મેં આ જીવાદિ દ્રવ્યોના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન કહ્યું છે, હવે હે પ્રભાકરભટ્ટ ! તું સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું કથન સાંભળ—એમ યોગીન્દ્રદેવ કહે છે.

णियमें कहियउ एहु मई ववहारेण वि दिट्ठि ।
एवहिं णाणु चरित्तु सुणि जें पावहि परमेट्ठि ॥२८॥

અર્થ :—હે પ્રભાકરભટ્ટ ! મૈં વ્યવહારનયથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ તને સારી રીતે કહ્યું, હવે તું જ્ઞાન અને ચારિત્રનું સ્વરૂપ સાંભળ કે જેને ધારણ કરવાથી તું સિદ્ધપરમેષ્ઠીપદને પામીશ.

શ્રોતા :—વાહ પ્રભુ વાહ !

ભાવાર્થ :—વ્યવહારસમકિતના કારણભૂત છ દ્રવ્યોનું સાંગોપાંગ વ્યાખ્યાન કરીએ છીએ. બીજા શાસ્ત્રમાંથી શ્લોક લીધો છે–'परिणाम...' ઇત્યાદિ. તેનો અર્થ એ છે કે છ દ્રવ્યોમાં વિભાવ પરિણામે પરિણમવાવાળા જીવ અને પુદ્ગલ બે દ્રવ્ય જ છે તેમાંથી ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળને વિભાવવ્યંજન પર્યાય નહિ હોવાથી તેને વિભાવ પરિણમન નથી. પરિણમન તો છએ દ્રવ્યમાં છે પણ જીવ અને પુદ્ગલ બે ને જ પરિણામી કહ્યાં છે કેમ કે તે બેમાં જ વિભાવપરિણમન છે.

શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવ જે શુદ્ધ ચૈતન્યપ્રાણ તેનાથી જીવ જીવે છે, જીવતો હતો અને જીવશે. અનાદિકાળથી જીવ છે અને અનંતકાળ રહેશે તે પોતાના ચૈતન્યપ્રાણથી જ જીવશે. વસ્તુ શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા પ્રાણસ્વરૂપ જ સદાયછે.

વ્યવહારથી ઇન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્વાસરૂપ દ્રવ્યપ્રાણોથી જીવે છે, જીવશે અને જીવતો હતો. માટે, વ્યવહારથી આ ચાર પ્રાણથી જીવે તેને જીવ કહેવાય અને નિશ્ચયથી ચૈતન્યપ્રાણથી જીવે છે તેને જીવ કહેવાય છે. અન્ય પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોમાં આ પ્રાણ નહિ હોવાથી તેને અજીવ કહેવાય છે.

પાંચ અજીવદ્રવ્યોમાંથી સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળી મૂર્તિસહિત એક પુદ્ગલદ્રવ્ય જ છે અન્ય દ્રવ્યો અમૂર્તિક છે.

નિશ્ચયથી તો અખંડ આનંદકંદ આત્મા સમ્યગ્દર્શનનું કારણ છે અને લોકમાં રહેલાં છએ દ્રવ્યો કેવા છે, કેવી રીતે છે તે જાણીને શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શનનો વિષય છે. વિષય છે પણ વ્યવહારથી. તેથી જ તો યોગીન્દ્રદેવ અહીં છ દ્રવ્યોનું સાંગોપાંગ વર્ણન કરે છે તે જાણીને માનવું પડશે. સર્વજ્ઞ વીતરાગ સિવાય અન્યમતિ જે કહે છે તે માર્ગ સાચો નથી એ નક્કી કરવું પડશે. ભગવાને છ દ્રવ્યોનું સ્વરૂપ જેવું જોયું છે તેવું કહ્યું છે તે જ યથાર્થ છે. અન્યમતિનો નિશ્ચય કે વ્યવહાર કોઈ માર્ગ સાચો નથી.

સંસારદશામાં જીવે શરીર ધારણ કરી રાખ્યું છે તેથી અનુપચરિત અસદ્‌ભૂત-વ્યવહારનયથી જીવને મૂર્તિક કહેવાય છે. પરંતુ શુદ્ધનિશ્ચયનયથી તો જીવ અમૂર્તિક જ છે. શરીર ધારણ કરી રાખ્યું છે એટલે શરીર નિમિત્તપણે સંબંધમાં છે બાકી જીવ તો તેનાથી જુદો છે. આગળ આવી ગયું હતું કે આત્મા કર્મરહિત અમૂર્તિક છે અને વિકાર રહિત શુદ્ધ છે. આવા આત્માના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કરવા તે ધર્મ અને મોક્ષનો માર્ગ છે.

લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશી જીવથી લઈને પાંચ દ્રવ્ય અસ્તિકાય છે. તે સપ્રદેશી છે અને કાળદ્રવ્યને બહુપ્રદેશ સ્વભાવકાયપણું ન હોવાથી અપ્રદેશી છે. ધર્મ, અધર્મ, આકાશ આ ત્રણ દ્રવ્ય એક એક છે અને જીવ, પુદ્‌ગલ તથા કાળ અનેક છે તેમાં જીવ અનંત છે, પુદ્‌ગલ અનંતાનંત છે અને કાળ અસંખ્ય છે. બધાં દ્રવ્યોને અવકાશ દેવામાં સમર્થ એક આકાશદ્રવ્ય જ છે માટે આકાશ 'ક્ષેત્ર' કહેવાય છે. બાકીના પાંચ દ્રવ્ય અક્ષેત્રી છે. એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં ગમન કરવું તે ક્રિયાવતી શક્તિ કહેવાય છે. આ ક્રિયા જીવ અને પુદ્‌ગલ બંનેમાં છે, બાકીના ચાર દ્રવ્ય નિષ્ક્રિય છે, ગમન કરતાં નથી, અનાદિથી જ્યાં છે ત્યાં પડ્યાં છે. જીવમાં પણ બધાં જીવ સક્રિય નથી. સંસારીજીવ હલન-ચલનવાળા છે માટે ક્રિયાવંત છે અને સિદ્ધપરમેષ્ઠી નિ:ક્રિય છે, તેમને હલન-ચલનની ક્રિયા નથી, પરમાનંદમાં એકાગ્ર છે.

અહો ! છ દ્રવ્યનું આવું સ્વરૂપ છે તે તેણે વ્યવહારસમકિતમાં માનવું જોઈએ.

દ્રવ્યાર્થિકનયથી વિચારીએ તો છએ દ્રવ્ય નિત્ય છે, તેની અર્થપર્યાય જે ષટ્‌ગુણી-વૃદ્ધિહાનિરૂપ સ્વભાવપર્યાય છે તેની અપેક્ષાએ બધાં દ્રવ્ય અનિત્ય છે. વિભાવવ્યંજનપર્યાય જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્યમાં જ છે તેની અપેક્ષાએ બે દ્રવ્ય જ અનિત્ય છે. વિકારીપર્યાયની અપેક્ષાએ જીવ અને પુદ્‌ગલને પરિણામી કહ્યાં હતાં તેમ જ અનિત્ય કહ્યાં. બીજા ચાર દ્રવ્યોમાં વિકારી પર્યાય નહિ હોવાથી નિત્ય જ છે. ષટ્‌ગુણીહાનીવૃદ્ધિની પર્યાય અપેક્ષાએ તો અનિત્ય છે પણ વિભાવવ્યંજનપર્યાય નહિ હોવાથી ચારેય દ્રવ્યોને નિત્ય કહ્યાં.

આમાં કેટલું યાદ રાખવું? દુકાનમાં માલ શું ભાવનો આવ્યો, બજારમાં શું ભાવ ચાલે છે અને નવો માલ ક્યાં ભાવે વેચવાનો છે વગેરે બધું યાદ રહે છે કે નહિ? એક એક વસ્તુની ત્રિપુટી યાદ રહે છે તો વીતરાગમાર્ગમાં ભગવાને કહેલાં છ દ્રવ્યનું સ્વરૂપ કેમ યાદ ન રહે ! જો એ પણ યાદ નહિ રહે તો આડો-અવળો એકાંતમાં ચડી જશે તો નિશ્ચય પણ હાથમાં નહિ આવે અને વ્યવહાર પણ નહિ આવે.

આ પ્રમાણે, ચાર દ્રવ્ય નિત્ય છે, બે દ્રવ્ય અનિત્ય છે અને દ્રવ્યથી તો બધાં દ્રવ્ય નિત્ય છે, કોઈપણ દ્રવ્ય વિનશ્વર નથી. જીવને પાંચેય દ્રવ્ય કારણ છે પણ જીવ કોઈને કારણ નથી. પુદ્ગલદ્રવ્ય જીવને શરીરાદિનું કારણ છે, ધર્મદ્રવ્ય ગતિનું કારણ છે, અધર્મદ્રવ્ય સ્થિતિનું, આકાશદ્રવ્ય અવકાશનું અને કાળદ્રવ્ય પરિણમનનું કારણ છે. આમ, પાંચેય દ્રવ્ય જીવના કાર્યમાં કારણ છે પણ જીવ તો માત્ર જાણનાર છે, કોઈ દ્રવ્યના કાર્યમાં જીવનું કારણ નથી.

જોકે જીવદ્રવ્ય અન્ય જીવને ગુરુ-શિષ્યાદિરૂપ પરસ્પર ઉપકાર કરે છે પણ પુદ્ગલાદિ દ્રવ્યો માટે તો જીવ અકારણ છે. શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોઈએ તો ભગવાન આત્મા બંધનો કે મોક્ષનો કર્તા નથી. આત્મા તો પરમ પારિણામિક અનાદિ અનંત નિત્ય ધ્રુવ એક ભાવ છે તે કોઈ પર્યાયનો કર્તા નથી. તોપણ અશુદ્ધનિશ્ચયનયથી શુભ અશુભ ઉપયોગોથી પરિણત થયેલો જીવ પુણ્ય-પાપના બંધનો કર્તા થાય છે. શુભાશુભભાવને કરે છે અને તેમાં અટકે એટલાં બંધને પણ જીવ કરે છે.

આમ, અજ્ઞાની અશુદ્ધનિશ્ચયનયથી પુણ્ય-પાપ બંધનો કર્તા થાય છે તેમ જ તેના ફળને પણ ભોગવે છે. પોતાના વિકારી પરિણામને કરે અને વિકારી પરિણામને ભોગવે છે બાકી, પરદ્રવ્યને કોઈ જીવ ભોગવતો નથી. આ કરવા-ભોગવવાના ભાવરૂપ પર્યાય છે માટે પર્યાય હોવાથી તેને અશુદ્ધ નિશ્ચયનયનો વિષય કહ્યો છે. ત્રિકાળ ભાવની અપેક્ષાએ તો વસ્તુમાં પર્યાય જ નથી.

જેમ અશુદ્ધનિશ્ચયનયથી આસ્રવ, બંધરૂપ ભાવને જીવ કરે છે તેમ, વિશુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ શુદ્ધોપયોગથી પરિણત થયેલો જીવ મોક્ષનો પણ કર્તા થાય છે અને અનંતસુખનો ભોક્તા થાય છે. માટે જીવને કર્તા અને ભોક્તા પણ કહેવાય છે.

પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોનું ઉપકારકપણું ભૂલાવી, પંચમગતિરૂપ પરલોકગમનમાં ઉપકારક શ્રી સદ્ગુરુદેવનો જય હો.

(ક્રમશઃ)

# સંવર નિર્જરાનું સમ્યક્ સ્વરૂપ

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૬૯)

આ, શ્રી નાટક સમયસારના સંવર દ્વારનો સાર કહેવાય છે.

પૂર્વ અધિકારમાં કહેતાં આવ્યા છીએ કે મિથ્યાત્વ જ આસ્રવ છે. મુખ્ય આસ્રવ મિથ્યાત્વને જ કહ્યો છે. મિથ્યાત્વ ગયા પછી ચારિત્રના દોષથી જે આસ્રવ થાય છે તેમાં સ્થિતિ અને અનુભાગ ઘણાં અલ્પ હોય છે તેથી તેને અહીં મુખ્યપણે આસ્રવ કહેવામાં આવ્યાં નથી. મિથ્યાત્વના પરિણામ જ મુખ્ય બંધનનું કારણ છે.

આ મિથ્યાત્વભાવ કેવા કેવા પ્રકારનો હોય છે તે જાણવું જોઈએ. કુદેવ, કુશાસ્ત્ર, કુગુરુને માનવા તે મિથ્યાત્વ છે, દેહાદિની ક્રિયા હું કરી શકું છું તે પણ મિથ્યાત્વ છે, અંતરમાં પાપના ભાવ થાય છે તેમાં મજા પડે છે તે મિથ્યાત્વ છે, પુણ્યના ભાવમાં હિત લાગે તે પણ મિથ્યાત્વ છે. એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ રાખવી તે પણ મિથ્યાત્વભાવ છે. આ મિથ્યાત્વ એ જ ખરેખર પાપ છે.

પોતે અનાકુળ જ્ઞાન-આનંદસ્વરૂપ વસ્તુ છે એમ નહિ જાણતાં જે કાંઈ વિપરીત માન્યતા કરે છે તે બધો મિથ્યાત્વભાવ જ છે. કોઈ નિમિત્તના સંબંધથી મને ધર્મ થાય અથવા મારા નિમિત્તથી બીજાને ધર્મનો લાભ થાય એવી માન્યતા તે પણ મિથ્યાત્વ છે. ચૈતન્યમૂર્તિ સ્વાત્માના આશ્રય વિના બીજે ક્યાંયથી લાભ થાય જ નહિ.

સમ્મેદશિખર, ગિરનાર આદિ તીર્થોથી મને લાભ થશે કે શાસ્ત્ર ભણવાથી લાભ થશે એવી માન્યતા પણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ છે. પોતાના સ્વરૂપની તો ખબર નથી તેથી અજ્ઞાનથી જેને તે 'મારા' માને છે તેના ઉપર જ તેની દૃષ્ટિ હોય છે તેથી તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે. મહાવ્રતના પરિણામ 'રાગ' છે પણ તેનાથી લાભ માને તો મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ મહાપાપ છે. બીજા જીવને ન મારું, બીજાનું ભલું કરું એવા જે વિકલ્પ ઉઠે છે તે વિકાર છે-શુભરાગ છે પણ તેને જ પોતાનો સ્વભાવભાવ માનવો તે મિથ્યાત્વ છે.

આ મિથ્યાત્વ જ આસ્રવ છે એમ કહ્યું તેમાં તો એકાંત થઈ જાય છે. શાસ્ત્રમાં તો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચેય પ્રકારના ભાવોને આસ્રવ કહ્યાં છે અને અહીં એક મિથ્યાત્વને આસ્રવ કેમ કહ્યો એમ પ્રશ્ન થાય, પણ મિથ્યાત્વ

હોય ત્યાં જ બીજા અશુદ્ધ પરિણામ થાય છે, મિથ્યાત્વના અભાવમાં એવા અશુદ્ધ પરિણામ થતાં જ નથી માટે મિથ્યાત્વને મૂળ આસ્રવ કહ્યો છે. એક સમયની પર્યાય, રાગ કે નિમિત્તમાં જ પોતાનું અસ્તિત્વ સ્વીકારવું એ મિથયાત્વનો મોટો દોષ છે-મોટી વિપરીતતા છે. અવ્રત, પ્રમાદ, કષાય આદિ દોષો તો મિથ્યાત્વની સાથે હોય છે. માટે મૂળ આસ્રવ મિથ્યાત્વ તેનો નિરોધ એ જ સમકિતરૂપ સંવર છે. મિથ્યાત્વદશામાં નિમિત્ત, રાગ અને અલપજ્ઞતા ઉપર દૃષ્ટિ અને રુચિ હતી તે ઉઠાવીને પૂર્ણસ્વરૂપમાં રુચિને પ્રસરાવવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન શુદ્ધ છે અને તેનો વિષય પણ શુદ્ધ છે તેથી સમ્યગ્દષ્ટિને અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી એમ કહેવાય છે. મિથ્યાત્વ ગયા પછી અવ્રત, પ્રમાદ, કષાય, યોગના પરિણામ છે તેને સમકિતી પોતાનો સ્વભાવ માનતાં નથી. મારા દ્રવ્યનો, ગુણનો કે પર્યાયનો એકેયનો સ્વભાવ અશુદ્ધ નથી એમ જાણતાં જ્ઞાનીને આસ્રવનો નિરોધ થાય છે.

આમ, આસ્રવનો અર્થાત્ મિથ્યાત્વનો નિરોધ થવાથી સમ્યક્ત્વ થાય છે તે સંવર છે. સંવર એ આત્માની શુદ્ધદશાની ઉત્પત્તિ છે તેમાં મિથ્યાત્વરૂપ અશુદ્ધદશાનો વ્યય છે અને મિથ્યાત્વનો વ્યય છે ત્યાં આસ્રવનો વ્યય છે. સંવરપૂર્વક નિર્જરા થાય છે. નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ. આમ, સંવર પ્રગટ થતાં કર્મ ગળે છે, અશુદ્ધતા ટળે છે અને શુદ્ધિ વધે છે. શુદ્ધતાની પ્રતીત અને અનુભવ તે સંવરધર્મ છે અને સંવર જ નિર્જરાનું અને અનુક્રમે મોક્ષનું કારણ છે.

લોકોને આવા મહાન 'સમ્યગ્દર્શન'ની કાંઈ ખબર નથી અને વ્રત અને તપસ્યાની મહિમામાં રોકાઈ ગયા છે. જેમાં પોતાનો લાભ થાય તેમ છે એવા સમ્યક્ત્વની કિંમત નથી અને અલાભ થાય એવા વિકલ્પો ઊભા કર્યા કરે છે. પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે છે તે તો અશુદ્ધ છે તેનો અનુભવ નહિ કરતાં, અખંડાનંદ શુદ્ધ ચૈતન્યઘનનો અનુભવ કરવો તે જ સંવર છે અને તે જ કર્મોની નિર્જરા, શુદ્ધિની વૃદ્ધિ અને શુદ્ધિની પૂર્ણતારૂપ મોક્ષનું કારણ છે.

આવો સંવર ક્યારે પ્રગટ થાય?–કે જ્યારે આત્મા સ્વયં બુદ્ધિથી અથવા શ્રીગુરુના ઉપદેશ આદિથી આત્મા-અનાત્માનું ભેદવિજ્ઞાન અથવા સ્વભાવ-વિભાવની ઓળખાણ કરે છે ત્યારે સમ્યગ્દર્શનરૂપ સંવરધર્મ પ્રગટ થાય છે. આત્મા સીધો પોતાના સ્વભાવને પકડી લે તો નિસર્ગ સમ્યક્ત્વ કહેવાય છે અને શ્રીગુરુના ઉપદેશનું નિમિત્ત પામીને અંતરમાં ઉતરે છે અને સમ્યક્ત્વ પામે છે તેને અધિગમસમ્યક્ત્વ કહે છે.

અંતરમાં ઉતર્યા વિના, શ્રીગુરુ તરફ લક્ષ રાખ્યા કરવાથી સમ્યક્ત્વ થતું નથી. શ્રીગુરુ અથવા શાસ્ત્રનો ઉપદેશ એ જ છે કે તારો આત્મા પૂર્ણાનંદ શુદ્ધ છે તે અશુદ્ધતા રાગથી ભિન્ન છે. રાગ કરતાં કરતાં ધર્મ થઈ જશે એવો ઉપદેશ જ્ઞાનીઓ આપતાં નથી. જ્ઞાનીગુરુ તો એમ જ ઉપદેશ આપે કે તું તારામાં જો! તારામાં આનંદ અને શાંતિની બેહદ સંપદા પડેલી છે. જેનો જે સ્વભાવ છે તેમાં મર્યાદા કેવી!

અંતરમુખ થવાના ધ્યેયથી ચૈતન્ય પકડાય છે એમ ગુરુ કહે છે. ગુરુ એમ નથી કહેતાં કે અમારી સામે જોવાથી ચૈતન્ય પકડાશે.

શ્રોતા :—પહેલાં ગુરુની સામે તો જોવું પડે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પહેલાં ગુરુની સામે જોવાનો ભાવ હોય છે પણ તેનાથી અંતરમાં જવાતું નથી. આ તો વસ્તુસ્થિતિ જ છે કે બહિર્મુખતાથી અંતરમુખતા થતી નથી. દૃષ્ટિ બહાર રાખીને અંતરમાં એકાગ્રતા કેવી રીતે થાય! ગુરુનો ઉપદેશ સાંભળીને, સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન અને સ્વાનુભવ થાય ત્યારે ગુરુના ઉપદેશને ધર્મનું નિમિત્ત કહેવાય છે. આમ, સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન જ સંવર છે અને સંવરપૂર્વક જ નિર્જરા અને અનુક્રમે મોક્ષ થાય છે. એ સિવાય લાખ ઉપાય કરે તોપણ વ્યર્થ છે.

સ્વને 'સ્વ' અને પરને 'પર' જાણવું તેનું નામ જ ભેદવિજ્ઞાન છે. સ્વ અને પર બંને પૃથક્ છે તેને પૃથક્ જાણવા એ જ ભેદજ્ઞાન છે. એ જ ખરો વિવેક છે. બહારમાં વિવેક કરે છે તે વિવેક નથી. ધર્મ વિવેકે નીપજે, જો સમજે તો થાય...એમ આવે છે ત્યાં આ ભેદજ્ઞાનરૂપ વિવેકની વાત છે. 'મોટા એવા આત્મદેવનો આદર કરવો અને રાગનો આદર છોડવો' એવા સ્વ-પરના વિવેકને 'ભેદવિજ્ઞાન' કહેવામાં આવે છે. આ ભેદજ્ઞાન જ સુખનો પંથ છે. રાગનો પંથ તો દુઃખનો પંથ છે, જેને રાગની જ રુચિ અને રાગનો જ સ્વીકાર છે એવા મિથ્યાદૃષ્ટિ દુઃખના પંથે છે, એ ભલે પૈસાવાળા હોય, રૂપાળા હોય, લાખોની મોટરમાં બેઠા હોય પણ દુઃખના પંથે છે કેમ કે ખરેખર તો એ પોતે મોટરમાં બેઠો નથી પણ મોટર એની છાતી ઉપર બેઠી છે. પોતાના પૈસાના પ્રમાણમાં મોભો જળવાય તો એને સુખ લાગે એ તો માનની ભીખ થઈ. માન અને મરતબા રાખીને સુખી થવાતું નથી.

છઢાળામાં આવે છે કે 'તાસુ જ્ઞાનકો કારન, સ્વ-પર વિવેક બખાનૌ' અર્થાત્ સ્વ-પરનું ભેદવિજ્ઞાન એ સમ્યગ્દર્શનનું કારણ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માનું અને પરનું જ્ઞાન થયા વિના આત્માની શ્રદ્ધા શી રીતે થાય! વસ્તુ જ્ઞાનમાં પકડાયા વિના શ્રદ્ધા

કોની કરે ! સસલાનાં શીંગડાની શ્રદ્ધા ન હોય, તેમ વસ્તુના જ્ઞાન વિના વસ્તુની શ્રદ્ધા થઈ શકતી નથી. માટે ભેદવિજ્ઞાન જ સમ્યગ્દર્શનનું કારણ છે. બીજી જગ્યાએ એમ પણ આવે કે સમ્યગ્દર્શન કારણ છે અને સમ્યગ્જ્ઞાન કાર્ય છે તો સમ્યક્પણાની અપેક્ષાએ તે વાત પણ બરાબર છે.

જેવી રીતે કપડાંને સાફ કરવામાં સાબુ સહાયક છે તેવી જ રીતે સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં ભેદવિજ્ઞાન સહાયક થાય છે. કપડું અને સાબુ તો બે ભિન્ન દ્રવ્ય હોવાથી કપડું સાફ થવામાં સાબુ માત્ર નિમિત્ત છે, કપડું સ્વયં સાફ થાય છે, સોનું સ્વયં સોળવલું થાય છે તેમાં અગ્નિ તો માત્ર નિમિત્ત છે પણ એક જ દ્રવ્યની પર્યાયમાં તેની પૂર્વપર્યાય કારણ છે અને ઉત્તરપર્યાય કાર્ય છે, એ જ પર્યાય તેના પછીની પર્યાયનું કારણ છે એમ અનાદિ અનંત (કારણ-કાર્યની) પર્યાયની શ્રૃંખલા ચાલી આવે છે. સ્વતંત્ર પરિણમન છે. કારણ છે માટે કાર્ય થાય છે એમ નથી. પર્યાયનો પ્રવાહ ચાલુ જ છે. એક સમયની એક પર્યાય કારણ પણ છે અને કાર્ય પણ છે. પૂર્વ પર્યાયની અપેક્ષાએ તે કાર્ય છે અને ઉત્તરપર્યાયનું તે કારણ છે.

ઘઉં વાવે છે માટે ઊગે છે–એમ નથી. રજકણે રજકણનું પરિણમન સ્વતંત્ર છે. કોઈ રજકણને પરનું કારણ નથી. દરેકની પર્યાયને તેની જ પૂર્વપર્યાય કારણ છે, બીજું દ્રવ્ય કારણ નથી. પૂર્વપર્યાયને કારણ કહેવું તે પણ વ્યવહાર છે. પૂર્વપર્યાય ખરેખર કારણ હોય તો સમકિતની આગલી પર્યાય તો મિથ્યાત્વની હતી તે સમકિતનું કારણ કેમ થાય ! તેનાં વ્યયને કારણે કહેવું તે પણ વ્યવહાર છે, કેમ કે એ પર્યાય તો ચાલી ગઈ છે. નિશ્ચયથી તો તે સમયની દ્રવ્યની યોગ્યતા જ એ પ્રકારની છે તેને કોઈ અન્ય કારણની અપેક્ષા નથી. ત્રિકાળી દ્રવ્ય જેમ સત્ છે તેને કોઈની અપેક્ષા નથી તેમ તેના દરેક સમયના પરિણમનમાં પણ કોઈની અપેક્ષા નથી, કેમ કે એ પણ સત્નો જ અંશ છે ને ! ત્રિકાળી સત્ને કોઈ હેતુ નથી તેમ વર્તમાનને પણ કોઈ હેતુ નથી. ક્રમબદ્ધ પરિણમન ચાલુ જ છે એવું જે માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે.

ચૈતન્ય ભગવાન મહાપ્રભુ-મહાશક્તિનો સાહેબ છે તેની દૃષ્ટિ થતાં પર્યાયમાં સમ્યક્ત્વ થાય તેનું કારણ ભેદજ્ઞાનરૂપ સાબુ કહ્યો. દૃષ્ટાંતમાં તો સાબુ અને કપડાં ભિન્ન-ભિન્ન દ્રવ્ય છે પણ સિદ્ધાંતમાં સમ્યક્ત્વ અને ભેદવિજ્ઞાન બંને એક દ્રવ્યની નિર્મળ પર્યાય છે. ભેદજ્ઞાનને સમયક્ત્વનું કારણ કહેવું તે પણ ઉપચાર છે. સમ્યક્ત્વ થાય ત્યાં રાગથી ભિન્ન પડેલું સ્વનું જ્ઞાન હોય જ છે, તેથી તેને સમ્યક્ત્વનું કારણ કહ્યું છે.

મિથ્યાત્વમાં પડ્યો છે તે જીવ દુઃખમાં સૂતો છે. રાગમાં એને ઠીક લાગે છે તેથી સ્વભાવને શોધતો નથી. જે સ્વભાવને શોધીને તેની પ્રતીત સહિત આનંદનો અનુભવ કરે છે તે સુખમાં સૂતો છે. આત્મા પલંગ અને તેમાં રૂના ગાદલાની શૈયામાં સૂનારો નથી.

શ્રીકૃષ્ણને એવું પરાક્રમ અને પુણ્યનો યોગ હતો કે પાટીની જગ્યાએ પલંગમાં નાગ ગોઠવાયેલા હોય અને ફેણ માંડી હોય એવી નાગશૈયામાં સૂઈને શંખ ફૂકતાં...તેની રાણીને એકવાર નેમિનાથે નાહીને કપડું ધોવા કહ્યું ત્યારે રાણી કહે છે, અમે તો નાગશૈયામાં સૂનારા શ્રીકૃષ્ણના કામ કરીએ, તમારા કામ અમે ન કરીએ...આ સાંભળીને નેમિનાથ તો ચાલ્યા નાગશૈયા તરફ...હજુ સંસારદશામાં હતાં, રાજપુત્ર હતાં, નાગશૈયા ઉપર સૂઈને શંખ ફૂક્યો ત્યાં તો ૧૨ યોજન પહોળી અને ૯ યોજન લાંબી દ્વારિકા નગરીમાં ખળભળાટ મચી ગયો. જુઓ આ સંસારના ચાળા ! નેમિનાથ ભગવાન થવાના હતાં પણ હજુ ગૃહસ્થાશ્રમમાં હતાં એટલે આવો વિકલ્પ ઉઠ્યો અને સીધા ધનુષબાણ હાથમાં લઈને ટંકાર કર્યો–શંખ ફૂક્યો એવો કે આજુબાજુની ધારો ગરજી ઉઠી. આ સાંભળીને શ્રીકૃષ્ણ દોડતાં આવીને ક્ષમા માંગે છે. જુઓ આ સંસારની જાળ ! સમ્યગ્દર્શન અને ત્રણ જ્ઞાન લઈને આવેલાં નેમિનાથને આવો વિકલ્પ આવે છે !

અહીં કહે છે કે જ્યારે કપડાં સાફ થઈ જાય ત્યારે સાબુનું કાંઈ કામ રહેતું નથી, જો સાબુ હોય તો ભાર લાગે છે, તેમ સાધકપણામાં સાધના કરીને સાધ્ય પ્રગટ થઈ ગયું તેને સાધકપણાનું હવે કાંઈ કામ નથી રહેતું. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સાધકપણું રહે છે, કેવળજ્ઞાન થયા પછી સાધનરૂપ સાધકદશા રહેતી નથી.

સાધ્યરૂપ સમ્યગ્દર્શન પ્રગટ થઈ ગયા પછી સ્વ-પરના વિકલ્પની આવશ્યકતા રહેતી નથી, હું શુદ્ધ છું, આ રાગાદિ અશુદ્ધભાવોથી ભિન્ન છું એવો વિકલ્પ કરવાનો ત્યાં રહેતો નથી કારણ કે રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરી લીધો છે. જુદા પડ્યાં પછી જુદું પાડવાનું રહેતું નથી માટે ભેદજ્ઞાનના વિકલ્પ હેય છે.

ભાવ એ છે કે ભેદવિજ્ઞાન પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે અને સમ્યગ્દર્શન નિર્મળ થયા પછી તેનું કાંઈ કામ નથી, હેય છે. રાગરહિત આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો પછી આ વિકલ્પની જરૂર રહેતી નથી. અભેદ એક શુદ્ધ ચૈતન્યવસ્તુ ઉપર દૃષ્ટિ પડી તેનું પરિણમન શુદ્ધ થઈ ગયું, તેને અશુદ્ધતાનું પરિણમન રહેતું નથી. અહીં તો અખંડ એક શુદ્ધતા જ સિદ્ધ કરવી છે સાથે રહેલી અશુદ્ધિને અહીં સિદ્ધ કરવી નથી. અધ્યાત્મમાં એક ભાવને બીજામાં ભેળવાતાં નથી. એકલી શુદ્ધતા જ છે એ ભાવ બતાવવો છે.

ભેદવિજ્ઞાન જોકે હેય છે તોપણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ હોવાથી ઉપાદેય છે. તેથી સ્વગુણ અને પરગુણની ઓળખાણ કરીને પર-પરિણતિથી વિરક્ત થવું જોઈએ અને શુદ્ધ અનુભવનો અભ્યાસ કરીને સમતાભાવ ગ્રહણ કરવો જોઈએ. હીરા-માણેકની પરીક્ષા કરે છે ને ! તેમ અહીં પણ સ્વગુણ અને પરના ગુણ, શુદ્ધ સ્વભાવ અને વિભાવની પરખ કરીને, શુદ્ધ અનુભવનો અભ્યાસ કરવો જોઈએ. વીતરાગતા પ્રગટ કરીને વીતરાગતામાં જ રહેવું જોઈએ. આ સંવર અધિકારનો સાર છે.

હવે નિર્જરા અધિકારની શરૂઆત કરીએ.

वरनी संवरकी दसा, जथा जुगति परवांन ।
मुकति वितरनी निरजरा, सुनहु भविक धर ध्यान ॥१॥

અર્થ :—આગમમાં જેવું સંવરનું કથન છે તેવું વર્ણન કર્યું, હવે મોક્ષ આપનાર નિર્જરાનું વર્ણન કરીએ છીએ તેને હે ભવ્યો ! કાન દઈને સાંભળો–એકાગ્રતાથી સાંભળો !

આગમમાં યુક્તિપૂર્વક જેવું સંવરનું સ્વરૂપ કહ્યું છે તેવું અહીં સંવરની દશાનું ભેદવિજ્ઞાનપૂર્વક વર્ણન કર્યું. હવે નિર્જરા કે જે અશુદ્ધતા ટાળીને શુદ્ધતા પ્રગટ કરે છે, પૂર્ણશુદ્ધતા મોક્ષને પ્રાપ્ત કરાવે છે, એવી નિર્જરાનું વર્ણન કરીએ છીએ. સંવરપૂર્વક નિર્જરા થાય તેને જ નિર્જરા કહેવામાં આવી છે. અજ્ઞાનીને અકામનિર્જરા થાય છે તે કાંઈ ખરી નિર્જરા નથી. આ તો મુક્તિની દેનારી નિર્જરાની વાત છે.

નિર્જરા કોને કહેવાય ? કે–અશુદ્ધતાનું ગળવું, કર્મનું ખરવું અને શુદ્ધતાનું વધવું આ ત્રણેયને નિર્જરા કહેવામાં આવે છે. (૧) અસ્તિથી શુદ્ધતાનું વધવું તે નિર્જરા છે. (૨) નાસ્તિથી અશુદ્ધતાનું ટળવું તે નિર્જરા છે અને (૩) અસદ્ભૂત ઉપચારથી કર્મનું ખરવું તે નિર્જરા છે.

આ નિર્જરાના સ્વરૂપને હે ભવ્યો ! તમે એકાગ્રતાપૂર્વક સાંભળો !

મંગળાચરણ

जो संवरपद पाइ अनंदै ।
सो पूरवकृत कर्म निकंदै ॥
जो अकंद ह्वै बहुरि न कंदै ।
सो निरजरा बनारसी बंदै ॥२॥

જુઓ ! બનારસીદાસ નિર્જરારૂપ શુદ્ધપર્યાયને વંદન કરે છે.

અર્થ :—જે સંવરની અવસ્થા પ્રાપ્ત કરીને આનંદ કરે છે, જે પૂર્વે બાંધેલાં

કર્મોનો નાશ કરે છે, જે કર્મની જાળમાંથી છૂટીને ફરી ફસાતો નથી તે નિર્જરાભાવને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે.

અહા ! જે કોઈ રાગની ભિન્નતા કરીને આત્માના આનંદસ્વરૂપને અનુભવે છે તે આનંદમાં રહે છે. સંવરમાં આનંદ છે. સંવરમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. મિથ્યાત્વમાં જે રાગનો સ્વાદ હતો તે તો ઝેરરૂપ દુઃખદાયક હતો. મોટા શેઠિયાઓ કે રાજાઓ હો પણ, આસ્રવમાં પડેલાં છે તે ઝેરને અનુભવે છે. એકલાં પંચમહાવ્રતાદિ શુભવિકલ્પથી લાભ માનનારા પણ ઝેરના પીણા પીએ છે. અણુવ્રત કે મહાવ્રત કે બારવ્રતના પરિણામ ઝેરના પ્યાલા છે. કારણ કે તે દુઃખદાયક એવા બંધના ભાવ છે. તેનાથી ભિન્ન પડીને આત્માના આનંદને અનુભવે છે તે સંવર છે.

વ્રતાદિમાં ધર્મ માનનારા એમ કહે કે ઉપવાસ, વ્રત, તપ, લોંચ કરવા, શિયાળામાં નગ્ન રહેવું, વરસાદના ઝાપટાં વાગે તે સહન કરવા એ બધું કરી તો જુઓ ! એ બધું બહું આકરું છે. હા ભાઈ ! એ કષ્ટ સહન કરવામાં ધર્મ ક્યાંથી થાય ! આત્મા સ્વભાવથી જ શરીર, કપડાં અને શુભાશુભરાગ વિનાનો દિગંબર છે તેના અનુભવ વિના ક્યાંય આનંદ નહિ આવે. અંદરમાં શુભાશુભરાગના કપડાં પહેરીને અમે ધર્મી છીએ એમ માને છે તે ઝેરના પ્યાલા પીએ છે તેને આનંદ ક્યાંથી આવે ! એ તો ઝેર ઘોળે છે. આત્માના ભાન વિના મહાવ્રત પાળનારા ઝેર ઘોળીને દુઃખને પીએ છે. કારણ કે રાગની એકતાબુદ્ધિ એ મિથ્યાત્વનું મહાન ઝેર છે તે તૂટ્યા વિના આનંદનો અનુભવ ક્યાંથી થાય !

જે સંવરપદ પ્રાપ્ત કરીને આનંદમાં રહે છે તે જીવ પૂર્વે કરેલાં કર્મોને ટાળે છે કારણ કે સંવર થયો હોવાથી નવું બંધન થતું નથી અને પૂર્વે અજ્ઞાન અવસ્થામાં બંધાયેલાં કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે. કર્મ ઉદયમાં આવે છે ત્યારે તે આત્મા તો પોતાની સ્વરૂપ તરફની સ્થિતિમાં છે તેથી નવું કર્મ બંધાયા વિના જ જૂના કર્મ ખરી જાય છે. આમ, સંવરધારી જ્ઞાનીઓ પૂર્વકર્મનું નિકંદન કરી નાંખે છે. કર્મની સત્તાનો નાશ કરે છે. સંવર અધિકારના ૮મા કળશમાં આવ્યું હતું કે रागग्रामपलय-करणात्कम्मंणां અર્થાત્ રાગરૂપી ગ્રામની સત્તાનો મૂળથી નાશ કરી નાંખે છે. તેમ પૂર્વકર્મનો ધર્મી મૂળમાંથી સત્યાનાશ કરી નાંખે છે.

जो अकंद है बहुरि न कंदे—જે રાગના ફંદમાં ફસાતો નથી, અફંદ રહ્યો થકો નિજ આનંદને અનુભવે છે એવી નિર્જરાને બનારસીદાસજી વંદે છે. જુઓ ! પોતાનું નામ નાંખીને વંદન કર્યાં છે. ધર્મીજીવ રાગ અને નિમિત્તોના ફંદમાં ફસાતો નથી માટે

અફંદ છે. અજ્ઞાની તો રાગ અને નિમિત્તના લાકડામાં—ફંદમાં ફસાઈ જાય છે. ધર્મી રાગના ફંદમાં ફસાતા નથી અને સ્વરૂપના આનંદને અનુભવે છે એવા અફંદ આત્માને બનારસીદાસજીએ વંદન કરીને નિર્જરા અધિકારનું માંગલિક કર્યું. (ક્રમશઃ)

*** અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢમાં પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ ***

પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર અધ્યાત્મ સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની ૮૬મી મંગલ જન્મજયન્તી (તા. ૨૪-૮-૯૯ થી તા. ૨૮-૯-૯૯)ના અવસરે તા. ૨૦-૮-૯૯, શુક્રવારથી તા. ૮-૯-૯૯, બુધવાર—વીસ દિવસ અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી ભાઈઓ માટે ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે.

સૂચના :—સમાગત શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

*

## વૈરાગ્ય-સમાચાર :

ઉમરાળાનિવાસી (હાલ મીયાગામ-કરજણ) શ્રી શાંતિલાલ પરમાણંદદાસ શાહ (વર્ષ-૮૫) તા. ૧૭-૪-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ઈંદોરનિવાસી શ્રી સુરેન્દ્રકુમાર અમોલકચંદ જૈન એડવોકેટ (વર્ષ-૬૨) (-તે ખંડવાનિવાસી ડૉ. ધર્મચંદભાઈના જમાઈ) બે-ત્રણ કલાકની બીમારીમાં તા. ૩૦-૫-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની ટેપ સાંભળવાની ઘણી રુચિ હતી. તેઓ સરળ સ્વભાવી અને મંદકષાયી હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# અનંતમતિની કથા

ભૂમંડળમાં કોઈ સમયે અંગદેશ એક પ્રસિદ્ધ દેશ રહ્યો છે. તેમાં વસુવર્ધન નામના રાજા રાજ્ય કરતા હતા. તે સમયે તે દેશની રાજધાનીનું નામ ચંપાપુરી હતું. તે રાજાની લક્ષ્મીમતિ નામની રાણી હતી. તેનો પ્રિયદત્ત નામનો પુત્ર હતો. રાણીનો સરળ સ્વભાવ અનુકરણીય હતો. તે ધર્મ-પરાયણ સ્ત્રી હતી. જૈનધર્મમાં તેને ખૂબ શ્રદ્ધા હતી. અતઃ માતાના ધાર્મિક જીવનનો પ્રભાવ પ્રિયદત્ત પર પડ્યો. અતઃ વંશ પરંપરા અનુસાર પ્રિયદત્તની સ્ત્રી અંગવતી પણ પતિને અનુકૂળ ધર્મમાર્ગમાં ઉદાર સ્ત્રી હતી. તે અંગવતીની કન્યાનું નામ અનંતમતિ હતું. તે ગુણોની ખાણ તથા સુંદર હતી.

એક દિવસની વાત છે કે અષ્ટાહ્નિકાના પવિત્ર શુભ અવસર પર પ્રિયદત્તે ધર્મકીર્તિ નામના મહામુનિ પાસે જઈને કેવળ આઠ દિવસ માટે બ્રહ્મચર્ય વ્રત લીધું સાથે પોતાની કન્યા અનંતમતિને પણ બ્રહ્મચર્યનું વ્રત આપી દીધું. જોકે તેણે રમુજભાવ (વિનોદભાવ)થી એવું કર્યું પરંતુ તે રમત અંતમાં સાચી સિદ્ધ થઈ. તેના પૂજ્ય પિતાથી અપાયેલા બ્રહ્મચર્યવ્રતે કન્યા અનંતમતિના મન પર પ્રભાવ દેખાડ્યો. જ્યારે પ્રિયદત્તે કન્યાને વિવાહયોગ્ય જોઈ તો તેના વિવાહની તૈયારી શરૂ કરવા લાગ્યો. ઘરમાં ધામધૂમ જોઈને અનંતમતિએ પિતાને સાદર નિવેદન કર્યું, "પિતાજી! આપે તો મને બ્રહ્મચર્યવ્રતથી દીક્ષિત કરી છે તો હવે વિવાહની તૈયારી શા માટે? કન્યાની વાત સાંભળી પ્રિયદત્ત ચોંકી ઊઠ્યા. તેઓ કહેવા લાગ્યા કે હે પુત્રી! શું મેં તને બ્રહ્મચર્યવ્રત અપાવ્યું હતું? મેં તો રમત કરી હતી. શું તું તેને સાચું માને છો? કન્યાએ નિર્ભયતાથી જવાબ આપ્યો કે "તમે ક્ષમા કરો, ધર્મ અને વ્રતવિધાનમાં રમતની વાત ન હોય."

પિતાજીએ દુઃખી થઈને કહ્યું--"મારા પવિત્રકુળને ઉજ્જવળ કરવાવાળી કન્યા, હું માનું છુ કે રમતમાં આપેલું વ્રત સત્ય છે પરંતુ આઠ દિવસ માટેનું જ હતું. પુત્રી તું તો તારા વિવાહ કરવાની જ ના પાડે છો!" પિતાજી! તમારું કહેવું સત્ય છે. હું માનું છું કે તમે આઠ દિવસ માટે જ આ વ્રત અપાવ્યું હતું. પરંતુ તમે કે આચાર્યે તે સમયે મને વ્રતના સમય સંબંધી કેમ ન કહ્યું? પિતાજી! હું આજીવન બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીશ. આ જન્મમાં મારો વિવાહ અસંભવ છે. કન્યાની ભીષ્મ પ્રતિજ્ઞા સામે પિતા હારી ગયા. લાચાર થઈને કન્યાને ધાર્મિક પવિત્ર જીવન વ્યતીત કરવા માટે સુંદર પુસ્તકોનો પ્રબંધ કરી આપ્યો જેથી તેનું જીવન શાંતિપૂર્વક વીતે.

અનંતમતિ પ્રસન્નતાથી શાસ્ત્રોનાં સ્વાધ્યાયમાં લીન થઈ પવિત્ર જીવન વ્યતીત કરવા લાગી. એવી રીતે તેણે યૌવનના આંગણામાં પ્રવેશ કર્યો. તેના રોમ રોમથી યુવાની ટપકવા લાગી. તે સુંદર તો હતી જ, પરંતુ યુવાનીએ તેને દેવકન્યાથી અધિક સુંદર બનાવીને પોતાની સત્તાનો પરિચય આપ્યો. તેની સુંદરતાનું વર્ણન કરવું તેનું અપમાન કરવા બરાબર છે. તેના મુખની સુંદરતા આગળ ચંદ્રમા લજ્જિત થઈ જતો. અનંતમતિના સૌંદર્ય આગળ સ્વર્ગલોકની સુંદરીઓ ફીકી લાગવા લાગી.

એક દિવસની વાત છે કે અનંતમતિ પોતાની ફૂલવાડીમાં મનોરંજન માટે હિંડોળે હિંચકતી હતી એટલામાં કુંડળમંડિત નામનો વિદ્યાધર પોતાની સ્ત્રી સાથે વાયુયાન પર જઈ રહ્યો હતો. તેની નજર ઝૂલા પર ઝૂલતી અનંતમતિ પર પડી. તે અનંતમતિની સુંદરતા પર મુગ્ધ થઈ ગયો. પરંતુ તે સમયે તેની સ્ત્રી બાધક બની રહી હતી. તે શીઘ્રતાથી વિમાન ઘરે લઈ ગયો. પોતાની સ્ત્રીને વિમાનથી ઉતારીને જલદી પાછો આવ્યો પરંતુ તેની સ્ત્રી તેના મનની વાત પામી ગઈ. વિદ્યાધર વિમાન લઈને ચાલ્યો તેની પાછળ તેની સ્ત્રી પણ તેનો પીછો કરવા લાગી. કુંડલમંડિત અનંતમતિને જબરદસ્તી વિમાનમાં બેસાડીને લઈ જવા લાગ્યો. ત્યાં જ તેની નજર પોતાની સ્ત્રી પર પડી. તે ડરી ગયો. તેણે અનંતમતિને પર્ણલબ્ધિ નામની વિદ્યાને હવાલે કરી પોતાને ઘરે જતો રહ્યો.

પેલી વિદ્યાએ અનંતમતિને ઘોર જંગલમાં છોડી દીધી. તે નિર્જન જંગલમાં એકલી રોવા લાગી. એટલામાં શિકારી ભીલરાજ ત્યાં આવી પહોંચ્યો. તે વાસનાના વિચારથી અનંતમતિને પોતાના ઘરે લઈ ગયો.

અનંતમતિના જીવમાં જીવ આવ્યો અને વિચારવા લાગી કે હવે મારી જાન બચી. હું મારા ઘરે પહોંચી જઈશ. પરંતુ તે ભ્રમમાં હતી. ભીલરાજ અનંતમતિને કહેવા લાગ્યો કે– "દેવી તું કેટલી ભાગ્યશાળી છો કે હું એક રાજા તારા સૌંદર્ય પર મોહિત થયો છું. હું તારા ચરણોમાં પડીને વરદાન માંગુ છું કે મારી સાથે ભોગ ભોગવીને આનંદ પ્રાપ્ત કર. હું તને મારી પટરાણી બનાવીશ. મારી ઉપર દયા કરીને તારા સુખનો સ્વાદ ચાખવા દે."

અનંતમતિ તેની દુષ્ટતાભરી વાતો સાંભળીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. પરંતુ તેનું રડવું આ ઘોર જંગલમાં કોઈ સાંભળે તેમ નહોતું. સાચું પૂછો તો ત્યાંના લોકો મનુષ્ય જાતિના કટ્ટર દુશ્મન હતા. સાચું છે કે પાપીઓના હૃદયમાં દયાનું નામ ન હોય. અનંતમતિ પર તેણે સામ, દામ અને દંડ નીતિથી કામ લેવું શરૂ કર્યું.

હવે અનંતમતિએ પોતાના મનમાં દૃઢ નિશ્ચય કર્યો કે આ દુષ્ટ આગળ વિનંતી,

વિનય, નમ્રતાથી કામ નહિ ચાલે, તેણે ભીલરાજને ધિકાર્યો. સતી-સાધ્વીના નેત્રોથી ક્રોધની ચિન્ગારીઓ નીકળવા લાગી. પરંતુ તે રાક્ષસ પર કાંઈ અસર ન થઈ. તે જ સમયે અનંતમતિના શીલથી પ્રભાવિત થઈને વનદેવીએ આવીને તેની રક્ષા કરી. દેવી ભીલરાજને ક્રોધપૂર્ણ શબ્દોમાં કહેવા લાગી—નરાધમ! તું આ દેવીને નથી ઓળખતો કે આ પવિત્ર આત્મા છે. દુષ્ટ! યાદ રાખ કે સંસારભરમાં આ મહાન દેવી છે તેની તરફ ખરાબદૃષ્ટિ કરી તો તારી ખૈર નથી.

એવી રીતે વનદેવી તેને ધમકાવીને ચાલી ગઈ. ભીલરાજ ડરી ગયો. દેવીના ડરથી તેણે અનંતમતિને એક શેઠના હાથમાં સોંપી દીધીને કહ્યું કે "તેને ઘરે પહોંચાડી દેજો." સાહૂકાર રાજી થઈ ગયો. તે પણ પાપી હતો. તે અનંતમતિ સમાન દુર્લભ સુંદર સ્ત્રી મેળવીને ખૂબ આનંદ પામ્યો. તે વિચારવા લાગ્યો કે જુઓ! વગર મહેનતે કેવી સુંદરી મળી છે. અગર તે મારું કહેવું માનશે તો ઠીક છે નહિ તો મારાથી છૂટીને ક્યાં ભાગશે!

એ રીતે પોતાના મનમાં ખરાબ વિચાર કરીને દુષ્ટતાથી અનંતમતિને કહેવા લાગ્યો, 'દેવી, તારા ભાગ્યની શું પ્રશંસા કરું. એક દુષ્ટ રાક્ષસના હાથથી તારો છૂટકારો થયો છે. મારી પાસે આવીને તારું ભાગ્ય ચમકી ઊઠ્યું. ક્યાં તારું ચાંદ સમાન મુખડું અને ક્યાં ભયંકર ભીલ. હું મારા ભાગ્યને કેવું ધન્ય માનું! ધન્ય છે મારું ભાગ્ય જેથી તારા જેવી દેવદુર્લભ સુંદર સ્ત્રી મળી. સત્ય છે ભાગ્યશાળીને જ સુંદર સ્ત્રી મળે છે. તારા જેવું સ્ત્રીરત્ન પામવું મહાભાગ્યનું પ્રધાન લક્ષણ છે. દેવી! હું અનંત ધન, સુખ, વૈભવનો સ્વામી છું અને તું વિશ્વપ્રસિદ્ધ અપૂર્વ સુંદરી! હું તારા ચરણોનો દાસ બનવા ઇચ્છું છું. તું મને અપનાવી લે, તારા હૃદયમાં મને સ્થાન આપ. તું પણ અનુભવ કરીશ કે મારી સાથે જ તારું જીવન કૃતકૃત્ય થઈ જશે.' અહીં અનંતમતિ પોતાના કોમળ નિષ્કલંક હૃદયમાં દુષ્ટોના હાથેથી છૂટકારો મેળવ્યાથી વિચાર કરતી હતી કે આ શેઠ ભલો માણસ તથા સજ્જન છે. હવે હું મારા પૂજ્ય પિતાજી પાસે જલદીથી પહોંચી જઈશ. હવે ડરવાની કોઈ જરૂર નથી. સદાચારી લોકો સંસારને પણ તે જ દૃષ્ટિકોણથી જોવે છે.

નિર્દોષ અનંતમતિ જેને દેખતી તેને સત્પાત્ર જ માનતી. તેના હૃદયમાં પાપનું નામ નહોતું. પરંતુ સાહૂકારની વાસના ભરેલી વાતો સાંભળી તેણે વિનંતી કરતાં કહ્યું "માન્યવર! હું તમારી પાસે આવીને મને સુરક્ષિત સમજતી રહી. હું તમને મારા પિતા સમાન સમજતી રહી કે મુસીબતમાં તમે પિતા સમાન મારી રક્ષા કરશો. પરંતુ તમારા

કામુકતા ભરેલા પાપપૂર્ણ શબ્દ સાંભળી મારી સામેની ધરતી ધ્રુજાવી દીધી."

હું કોના પર વિશ્વાસ કરું? તમને મારા રક્ષક સમજી પરંતુ તમે તો મારા ભક્ષક બની ગયા. મને દુઃખ થાય છે કે તમારા જેવા સજ્જન આવી નીચતાની વાતો કરે છે. હું તમારું ચારિત્ર જોઈને નિશ્ચયપૂર્વક કહું છું તમારું ધન અને ભોગ-વિલાસના સાધનને ધિક્કાર છે, ધિક્કાર છે, લાખો વાર ધિક્કાર છે. તમારા વંશને જેમાં જન્મ લઈને નીચતાનો પરિચય આપી રહ્યા છો હું તેને નફરતની નજરોથી જોઉં છું. તું મનુષ્ય નથી, મનુષ્યના રૂપમાં રાક્ષસ છો....જે દગો આપીને વિશ્વાસઘાત કરે છે તે પાપી છે. જેને જોવાથી પણ પાપ લાગે છે. અધમ નર-પિચાશને જેટલું ધિક્કારીએ તેટલું થોડું છે. એ રીતે દુઃખી થઈને નિંદા કરીને અનંતમતિ ચૂપ થઈ ગઈ.

તે સાહૂકાર અનંતમતિની સ્પષ્ટ વાતો સાંભળીને છક્ક થઈ ગયો. સતી-સાધ્વીના તેજ આગળ તેને બોલવાનું સાહસ ન થયું પરંતુ તે દુષ્ટે અનંતમતિને કામસેના નામક કુટનીના પંજામાં ફસાવીને ક્રોધને બદલો લીધો.

મનુષ્યને પોતાના કર્મનું ફળ તો ભોગવવું જ પડે છે. તેની ગતિ વિચિત્ર છે 'કોઈ ન કર્મ લેખકો મેટનહારા'ની ઉક્તિ બરાબર છે. ત્યાં કુટનીના હાથમાં આવીને અનંતમતિના દુઃખોનો પાર ન રહ્યો. કુટનીએ સતી સામે જાતજાતના પ્રલોભન બતાવ્યા. તેને દુઃખી કરવામાં બાકી ન રાખ્યું. તે ઇચ્છતી હતી કે અનંતમતિને પથ-ભ્રષ્ટ કરી દે. પરંતુ તે સતી સ્ત્રી હતી. તેના શીલથી રમત કરવી આગ સાથે રમત કરવા બરાબર હતી. તે કુટનીની લાખ કોષિશ બાદ પણ અનંતમતિ મેરુ પર્વત સમાન અટલ રહી. તેના સતીત્વને ડગમગાવવું અસંભવ હતું.

જે સંસારના દુઃખોથી ગભરાઈ જાય છે તે પથ-ભ્રષ્ટ થઈ જાય છે પણ જે સદાચારપથના પથિક છે તેને પથ-ભ્રષ્ટ કરવા લોઢાના ચણા ચાવવા જેવું છે. જ્યારે કુટની બધા પ્રયોગમાં અસફલ રહી ત્યારે તેને સિંહરાજ નામક એક વ્યભિચારી રાજાના હાથમાં સોંપી દીધી.

હાય રે નસીબ! કઈ કુઘડીમાં તે પેદા થઈ હતી કે જ્યાં જાય ત્યાં દુષ્ટાત્માઓનો જ ભેટો થયો. પાપી સિંહરાજે અનંતમતિ સાથે દુરાચાર કરવાનો વિચાર પ્રગટ કર્યો. પરંતુ સતી-સાધ્વી અનંતમતિ વિચલિત ન થઈ. જ્યારે તે દુષ્ટાત્માની ઇચ્છા પૂર્ણ ન થઈ તો તેણે બળાત્કાર કરવાની ચેષ્ટા કરી પરંતુ સતીના સતીત્વને લૂંટી લેવું તે રમત નથી.

કોના બાવડામાં તાકાત છે કે તેને મિટાવી શકે. વનદેવી પ્રગટ થઈને કહેવા લાગી કે 'પાપી! ઊભો રહે. જો સતી સામે આંખ ઊંચી કરી તો તારું સર્વનાશ નિશ્ચિત છે.' દેવી તેને દંડ આપીને ચાલી ગઈ. દેવીનું ભયંકર સ્વરૂપ જોઈને સિંહરાજના હોંશ ઊડી ગયા. એનું કાળજું થર થર કાંપવા લાગ્યું. દેવી ચાલી ગઈ પણ સિંહરાજને ખબર ન રહી. દેવીના ચાલ્યા ગયા બાદ તે દુષ્ટે અનંતમતિને એક ઘોર-જંગલમાં છોડી દેવા માટે એક સેવકને આજ્ઞા કરી.

અનંતમતિ ઘોર જંગલમાં વિચારવા લાગી કે ક્યાં જાઉં? તેને રસ્તાની ખબર નહોતી. અંતમાં તે જંગલના ફળ ખાય અને પંચપરમેષ્ઠીની આરાધના કરતી અનેક જંગલો ને પહાડોને પાર કરતી અયોધ્યા નગરીમાં જઈ પહોંચી. ત્યાં તેને પદ્મશ્રી નામક અર્જિકાનો ભેટો થયો. તે અર્જિકાએ અનંતમતિનો પરિચય પૂછ્યો. તેણે આપવીતી કહી સંભળાવી. અર્જિકાને તેની આપવીતી સાંભળીને ખૂબ વૈરાગ્ય થયો. તેને સતી શિરોમણિ સમજીને પોતાની પાસે રાખી લીધી. સારા લોકો માટે પરોપકાર એ જ વ્રત છે.

*(ક્રમશઃ)*

❀ અરે જીવ! અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં તેં ઘણાં દુઃખો સહન કર્યાં— નરકાદિના ઘોરમાં ઘોર દુઃખોથી પણ તું સોંસરવટ નીકળી ગયો. પણ...વિરાધકભાવે, એકવાર જો આરાધકભાવે બધા દુઃખોથી સોંસરવટ નીકળી જા એટલે કે ગમે તેવી પ્રતિકૂળતા આવે તોપણ આરાધકભાવથી તું ડગે નહિ, તો ફરીને આ સંસારનું કોઈ દુઃખ તને ન આવે ને તારું સુખધામ તને પ્રાપ્ત થાય.

❀ આત્મા શું છે? રાગ શું છે? હું કાયમી ટકનાર ચીજ કેવી છું? વિગેરે અભ્યાસ કરી, જ્ઞાન કરી, રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદ સ્વરૂપ ભગવાન ચૈતન્યતેજનો પૂંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય, અંદર દશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધાં જૂઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ.

*—કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

[તા. ૧૦-૭-૯૯]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર ઉપર(૧૯મી વખતના) પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : 'શ્રી પ્રવચનસાર' ઉપર શાસ્ત્ર-વાંચન. |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' પર ભાવવાહી ટેપ-પ્રવચન |

*

## અષાઢી-અષ્ટાહ્નિકા તેમ જ વીરશાસનજયન્તી

અષાઢ માસની શ્રી નન્દીશ્વર-અષ્ટાહ્નિકા તા. ૨૦-૭-૯૯, મંગળવારથી તા. ૨૮-૭-૯૯, બુધવાર—નવ દિવસ શ્રી નન્દીશ્વર-જિનાલયમાં તેમ જ શ્રી વીરશાસનજયન્તી (અષાડ વદ-૧) તા. ૨૯-૭-૯૯, ગુરુવારના રોજ શ્રી મહાવીર-કુન્દકુન્દ-પરમાગમમન્દિરમાં પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

*

## રક્ષાબન્ધન પર્વ

શ્રાવણી પૂર્ણિમાના રોજ શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકમ્પનાચાર્ય આદિ ૭૦૦ મુનિઓની ઉપસર્ગથી રક્ષા કરી હતી તે પર્વ તા. ૨૬-૮-૯૯, ગુરુવારના રોજ પૂજાભક્તિના આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

શ્રી વેજીબેન દેવનભાઈ તેમ જ શ્રી ગંગાબેન રામજીભાઈ દ્વારા
અધ્યાત્મતીર્થ સોનગઢમાં સાનન્દોલ્લાસ ઉજવાનારો

## પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનનો

# ૮૬મો મંગલ જન્મોત્સવ

[તા. ૨૪-૮-૯૯ થી તા. ૨૮-૮-૯૯]

આત્માનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય સદ્દગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ-ભક્ત, સ્વાનુભવવિભૂષિત ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેન પ્રતિ ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા માટે તે ઉપકારમૂર્તિનો ૮૬મો વાર્ષિક મંગલ જન્મોત્સવ (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં શ્રી વેજીબેન દેવનભાઈ શાહ તથા શ્રી ગંગાબેન રામજીભાઈ શાહ, હા૦ નાઈરોબીનિવાસી શ્રીમતી રળિયાતબેન રાયચન્દભાઈ શાહ તરફથી અત્યન્ત ભક્તિભાવ તેમ જ સાનન્દોલ્લાસથી ઉજવવામાં આવશે. આપણા પરમ આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની ઉલ્લાસવર્ધિની તેમ જ ભક્તિભીની ઉપસ્થિતિમાં ઉજવનારા આ મંગલ મહોત્સવનું આયોજન તા. ૨૪-૮-૯૯, મંગળવારથી તા. ૨૮-૮-૯૯, શનિવાર—પાંચ દિવસ 'શ્રી ચૌંસઠ-ઋદ્ધિમન્ડળવિધાનપૂજા', અધ્યાત્મજ્ઞાનોપાસના, દેવગુરુભક્તિ અને ધાર્મિક શિક્ષણવર્ગ આદિ વિવિધ રોચક કાર્યક્રમ સહ ભક્ત્યુલ્લાસથી ઉજવવામાં આવશે. આ શુભાવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસભર ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન તથા ઘાટકોપર, વઢવાણ તેમ જ મલાડની ભજનમંડળી દ્વારા પ્રાસંગિક ભક્તિ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ બધાને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

સૂચના :—જન્મોત્સવ-નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૧-૮-૯૯, રવિવારના રોજ રાખવામાં આવી છે.

# ❋ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❋

❋ અહો ! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઉછળે છે તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે ! અરે જીવો ! આમ અંતરમાં નજર કરીને દરિયાને દેખો !....ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારો ! ૧૪૨.

❋ સમ્યક્-સન્મુખ જીવને ચૈતન્યનું લક્ષ બંધાણું છે એટલે એનું જોર ચૈતન્ય તરફ વળી રહ્યું છે...આ જ સ્વભાવ છે.... આ જ સ્વભાવ છે—એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી ઋદ્ધિવાળો કેમ દેખીએ ? મિથ્યાદૃષ્ટિ હોવા છતાં તે સમ્યક્ સન્મુખ થઈ ગયો છે, તે સમ્યક્ લેવાનો જ છે. ૧૪૩.

❋ આ આત્મા હૈ વહી જિનવર હૈ, તીર્થંકર હૈ; અનાદિકાળસે હી જિનવર હૈ ! આહાહા ! અનંતા કેવળજ્ઞાનકી વેલડી હૈ; પર જિનવરકી સ્તુતિ કરનેસે તો પુણ્ય-બંધન હોતા હૈ, ઉસમેં ધર્મ નહિ હોતા. અપના આત્માકી સ્તુતિ કરનેસે હી ધર્મ હોતા હૈ. ૧૪૪.

❋ જીવોને હજુ પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ આવ્યું નથી. ભાષામાં આત્માની મહિમા કરે પણ અંતરથી આત્માની મહિમા આવતી નથી. પણ ભાઈ ! જ્યાં સુધી તું હૃદયમાં આત્માને સ્થાપીશ નહિ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે. અનુભવ-પ્રકાશમાં કહ્યું છે કે જ્યાં સુધી તું સંયોગમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં, નિમિત્તમાં કે વ્યવહારમાં ક્યાંય પણ પ્રભુતા સ્થાપીશ—મોટપ માનીશ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર ! હું જ પરમેશ્વર છું એમ પહેલાં નક્કી કર ! વિશ્વાસ લાવ ! ૧૪૫.

❋ જે વસ્તુ છે તેના સ્વભાવની હદ ન હોય, મર્યાદા ન હોય, તેને પરાશ્રય ન હોય. જે સ્વભાવભાવ છે તેને પરાશ્રયતા કેમ હોય ? અચિંત્ય સ્વભાવમાં અપૂર્ણતા કેમ હોય ? સાક્ષાત્ પરમેશ્વરનું રૂપ જ આ ભગવાન આત્મા છે. પરમેશ્વરમાં અને દરેકના ભગવાન આત્મામાં કાંઈ ફેર નથી. આવા પોતાના આત્માને દૃષ્ટિમાં ન લે ત્યાં સુધી સ્વસંવેદન પ્રમાણ સિદ્ધ થઈ ન શકે. પોતાના સ્વભાવની મહિમા ચૂકીને પરદ્રવ્ય કે પરભાવમાં ક્યાંય પણ જરાય માહાત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહિ આવે. જે પર્યાય દ્રવ્યને દૃષ્ટિમાં લે છે તે પર્યાયની મહિમાનો પણ પાર નથી તો દ્રવ્યની મહિમાની શું વાત ? આવી મહિમા જ્યાં સુધી ખ્યાલમાં ન આવે ત્યાં સુધી વીર્ય સ્વસંવેદન તરફ ન વળે. ૧૪૬.

## ❀ —એમ નથી. ❀

પોતે જાણનારો છે માટે કર્તા છે. કોનો જાણનારો ?–કે પોતાની પર્યાયનો જાણનારો છે. કેવળી લોકાલોકને જાણે છે એમ કહેવાય છે પણ કેવળી પોતાની પર્યાયને જાણે છે. પર્યાય તેનું કાર્ય છે અને તેનો કર્તા જ્ઞાતા પોતે છે. લોકાલોક છે માટે કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય છે–એમ નથી.

—સમ્યક્ૄરત્નવિભૂષિત પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

2641 શાહ, પી. શા…
મહુવા